# કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી-૩૯૬૪૫૦

**વંચાણે :** માન.કુલપતિશ્રીની મંજુરીથી નિયુકત થયેલ યુનિવર્સિટી કક્ષાની કમિટીની તા.૩૦/૦૫/૨૦૨૪ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ

## ~:: પરિપત્ર ::~

વંચાણે લીધેલ બેઠકમાં સર્વાનુમતે નક્કી થયા મુજબ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓને જણાવવાનું કે, આપની કચેરી / ફાર્મ / રહેણાંકના મકાનો, ફાર્મસ્ટ્રકચર વગેરેમાં આકસ્મિક જરૂરી સીવીલ/ઇલેકટ્રીકની મરામત અને નિભાવણીની કામગીરી કરાવવા માટે જુદા જુદા પ્રકારના રોજમદારો રોકવા માટે દરેક નાણાકીય વર્ષમાં આ કચેરી તરફથી માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવી પરિપત્ર બહાર પાડવામાં આવે છે. અગાઉના નાણાંકિય વર્ષમાં મંજૂર કરેલ ભાવોની સમીક્ષા કરવી જરૂરી જણાય છે. આ હકીકતોને ધ્યાનમાં લઈ આ સાથે સામેલ પત્રકની વિગતો મુજબ આપના કેન્દ્ર ખાતે / આસપાસ આ ઇસમો / કારીગરો / રોજમદારોના મજુરીના દૈનિક દર શું ચાલે છે અથવા તો તેઓને કેટલી મજૂરી કેટલા સમય માટે પ્રતિદિન ચૂકવવામાં આવે છે. તેની માહિતી આ સાથે સામેલ પત્રકમાં ભરી તે અંગેનું રોજકામ કરી આ કચેરીને સત્વરે મોકલી આપવા વિનંતી છે, શકય હોય તો આ માહિતી આપના કેન્દ્રના સબંધિત તલાટી / સરપંચ પાસેથી મેળવીને તેમના સહી સિક્કા કરાવીને પણ રજૂ કરી શકાશે. જેથી આ માહિતી અને રોજકામના આધારે આગામી નાણાકીય વર્ષમાં આ રોજમદારોના પ્રવર્તમાન બજારભાવોની સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવી શકાય.

ઉપરોકત વિગતોને ધ્યાનમાં લઇ **તા.૧૧/૦૬/૨૦૨૪** સુધીમાં હાર્ડ કોપી તથા સોફ્ટ કોપી અત્રેની કચેરીના ઇમઇલ એડ્રસ ee@nau.in પર મોકલી આપવા નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

જા.નં.નકૃયુ/કાઇ/બી-૩/3065 /૨૦૨૪
નવસારી તા.05/૦૬/૨૦૨૪

EXECUTIVE ENGINEER NAVSARI ZONE • N.A.U. •

1/6/24

**કાર્યપાલક ઇજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**
યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારુ.

D:\B-3 Tabel Record\LABOUR MANJURI\Labour 2024-25\Paripatra_2024-25.docx

**યુનિવર્સિટીના મુખ્ય તેમજ પેટા કેન્દ્રો ખાતે મરામતની કામગીરી માટે રોકવામાં આવતા કુશળ, અર્ધકુશળ, બીનકુશળ, શ્રમયોગીઓને ચુકવવાપાત્ર દૈનિક દર અંગેની માહિતી આપવા બાબત....**

## -: પત્રક :-

| અ.નં. | રોજમદાર મજુરોની વિગત | આપના કેન્દ્રની આસપાસ પ્રતિ ૮ કલાકની સેવાના ભાવ રૂપિયામાં |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સુથાર | |
| ૨ | સુથાર હેલ્પર | |
| ૩ | કડીયો | |
| ૪ | કડીયા હેલ્પર | |
| ૫ | વેલ્ડર | |
| ૬ | લુહાર/બાર બાઇન્ડર | |
| ૭ | વાયરમેન | |
| ૮ | વાયરમેન હેલ્પર | |
| ૯ | પંપ ઓપરેટર | |
| ૧૦ | પ્લંમ્બર | |
| ૧૧ | પ્લંમ્બર હેલ્પર | |
| ૧૨ | પેઇન્ટર (મકાનોમાં અંદર બહારના કલરકામ માટે) | |
| ૧૩ | પેઇન્ટર હેલ્પર (મકાનોમાં અંદર બહારના કલરકામ માટે) | |
| ૧૪ | રસોઇયા | |
| ૧૫ | રસોઇયા હેલ્પર | |

## -: રોજકામ :-

આથી રોજકામ કરવામાં આવે છે કે, અત્રેના ............................................... કેન્દ્ર ખાતે / આસપાસ ઉપરોકત રોજમદારોના ભાવ બરાબર ચકાસણી / ખાતરી કરી અને આ કચેરીના નીચેના અધિકારી / કર્મચારીઓએ જાત તપાસ કરી મેળવેલ છે. જે બદલ આ રોજકામ કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

ઉપરોકત રોજકામની વિગતો સાથે હું સહમત છું.

કચેરીના વડાની સહી અને સિકકો

D:\B-3 Tabel Record\LABOUR MANJURI\Labour 2024-25\Paripatra_2024-25.docx